Registration No.: REFER-T-LC/397/2005
Filing No.: REFER-T-LC/397/2005
Filed On: 28/04/2005
Registered On : 28/04/2005

**IN THE LABOUR COURT AT AHMEDABAD**
**9**
Referance T NO. 397 OF 2005.
REFER-T-LC/397/2005

**Second Pary :**

**1.** HANSRAJ TAPUBHAI SOLANKI
AT-MEDPARA,TA-BHESAN,DIST-JUNAGADH,
JUNAGADH,GUJARAT.

**VERSUS**

**First Party :**

1. GUJRAT MERI TIME BOARD
OPP-AIRFORCE,SECTER-10/A,
GANDHINAGAR.

**: આંક / ૬ હેઠળનો હુકમ :**

અરજદાર તરફે : વિધ્વાન પ્રતિનિધી શ્રી સંદિપ પટેલ.
સામાવાળા તરફે : વિધ્વાન વિધ્વાન પ્રતિનિધી શ્રી જે.એન.મહેતા.

(૧) આ કામનાં, અરજદારે આંક:૬ થી અરજી રજુ કરીને સામાવાળાના કબ્જામાં રહેલ અલગ,અલગ દસ્તાવેજો અત્રેની અદાલતમાં રજુ કરાવવા અરજ કરેલ છે, જે નીચે મુજબ છે :,

| ક્રમ. | વિગત. |
|---|---|
| ૧. | તા.૧/૧૨/૧૯૯૬ થી તા.૪/૯/૨૦૦૩ સુધીના હાજરી પત્રકો તથા પગાર પત્રકો. |
| ૨. | તા.૪/૯/૨૦૦૩ થી તા.૨૮/૨/૨૦૦૬ સુધીના હાજરી પત્રકો. |

ઉપરોકત બાબતે સામાવાળા તરફે આંક:૨૩ થી જવાબ રજુ કરીને જણાવેલ છે કે

અરજદારની ઉપરોકત અરજી કોઈપણ સુસંગતતા વગરની સંદિગ્ધ પ્રકારની છે તથા કોઈ કારણો પણ યોગ્ય રીતે દર્શાવેલા નથી.

(૨) અરજદાર ધ્વારા જે સમયગાળાનાં દસ્તાવેજો માંગવામાં આવેલા છે તે સંદિગ્ધ પ્રકારના હોય દસ્તાવેજોની યથાર્થતા બાબતેનો પ્રશ્ન પણ સદર રેફરન્સનો ન્યાય નિર્ણય માટે અપ્રસ્તુત તેમજ ગેરમાર્ગે દોરનાર હોય તેથી આ સંજોગોમાં રજાુ કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) અરજદાર જયારે, સદર દસ્તાવેજો બાબતે આધારભૂત માહિતી ધરાવતા ન હોય અને અમોને હેરાન કરવાના આશયથી દસ્તાવેજો માંગી શકાય નહિ, તેવો લો ઓફ જયુરીશપ્રુડન્સના સિધ્ધાંતો અનુસાર અને સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડરઃ૧૧ નિયમ-૧૬ અન્વયે પરિશિષ્ટ 'ક' ના ફોર્મ નંબર : ૭ ના મુસદ્દાના દસ્તાવેજો રજાુ કરવાની સંસ્થાને પહેલા નોટિસ આપવી જોઈએ અને ત્યારબાદ દસ્તાવેજો રજાુ ન કરે તો હાલની અરજી આપી શકાય છે, પરંતુ અરજદારે આવી કોઈ કાર્યવાહી કરેલ ન હોય અરજી રદ કરવા અરજ છે.

(૪) અરજદારે, અરજીની સાથે કોઈ સોગંદનામું રજાુ કરેલ નથી તેથી અરજીને કાનૂની પીઠબળ મળતું હોય છે તેથી શરૂઆતથી જ રદબાતલ હોય રદ કરવા અરજ છે.

(૫) આ અંગે અરજદાર તરફે તેમના વિધ્વાન પ્રતિનિધી શ્રી સંદિપ પટેલને તથા સામાવાળા તરફે તેમના વિધ્વાન પ્રતિનિધી શ્રી જે.એન.મહેતાને સાંભળ્યા.

(૬) અરજદાર, તરફે તેમના વિધ્વાન પ્રતિનિધીશ્રી જણાવે છે કે અમો અરજદારના કેસમાં નોકરીની સળંગતા પુરવાર કરવા માટે દસ્તાવેજો અતિ અગત્યના અને મહત્વના છે અને સદરહુ દસ્તાવેજો વડે અમે અમારો કેસ પુરવાર કરી શકીએ તેમ છીએ. જયારે, સામાવાળા તરફે શ્રી મહેતા તેમની દલીલમાં જણાવે છે કે ખૂબ મોટી સંખ્યામાં દસ્તાવેજો માંગેલ છે તથા કામદારને નોકરી બાબતના ઠરાવો અમે રજાુ કરેલા છે તથા અરજદાર તરફે સોગંદનામું રજાુ કરવામાં આવેલ નથી તેથી, તથા અમોએ રજાુ કરેલ ચૂકાદાનું હાર્દ જોતાં અરજદારની અરજી મંજાુર કરી શકાય નહિ તથા તેઓ તરફે આંકઃ૨૩ થી લેખિત દલીલ રજાુ કરેલ

છે અને સાથે નીચે મુજબના ચૂકાદા રજા કરેલ છે, જેનો અમો સંપૂર્ણ સન્માન અને આદર કરીએ છીએ.

૧. ૧૯૭૫ લેબ આઈ.સી. ૫૧૭.

૨. રીકવરી અરજી નંબર : ૧૧૯૩/૧૯૯૬ નો ચૂકાદો.

૩. રેફરન્સ (એલ.સી.એ.) નંબર : ૨૩૪/૧૯૯૬ ના કામમાં આવેલ ચૂકાદો.

૪. રેફરન્સ (એલ.સી.એ.) નંબર : ૯૨/૧૯૯૨ તથા ૫૫૭/૧૯૯૨ માં આંકઃ ૧૮ નીચેનો હુકમ.

૫. રીકવરી અરજી નંબર : ૧૬૮૦/૨૦૦૪ ના કામમાં થયેલ હુકમ.

(૬) આ અરજી મંજુર કરવાને પાત્ર છે કે કેમ ?

તે અંગે જોઈએ તો બીજા પક્ષકાર ધ્વારા નોકરીમાંથી છૂટા કરેલ છે, તે હકીકત પુરવાર કરવા હાલની આંકઃ૬ ની અરજીમાં જણાવેલ દસ્તાવેજો તેમને કેવી રીતે મદદકર્તા અને મહત્વના છે, તે તેઓએ જણાવેલ નથી.

આ અંગે જોઈએ તો નામદાર વડી અદાલત-મુંબઈ ધ્વારા નીચે મુજબના ચૂકાદામાં પ્રકાશ પાડેલ છે, જેનો અમો સંપૂર્ણ સન્માન અને આદર કરીએ છીએ.

(૭) ત્યારબાદ, આ કામ અરજદાર કામદારની આંકઃ૬ ની અરજીની દલીલો માટે રાખવામાં આવેલ, અરજદાર કામદારના વિધ્વાન એડવોકેટશ્રીએ મૌખિક દલીલો કરી તેમની આંકઃ૬ ની અરજી મુજબના દસ્તાવેજો પ્રથમ પક્ષકાર સંસ્થા રજા કરે તેવો હુકમ કરવા અરજ કરેલ છે. જયારે, પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે તેમના વિધ્વાન એડવોકેટશ્રીએ તેમની મૌખિક તથા લખિત દલીલો કરેલ છે અને અરજદાર કામદારની આંકઃ૬ ની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૮) આ કામમાં, અરજદાર કામદાર તરફે રજા કરવામાં આવેલ આંકઃ૬ ની અરજીની વિગતો તથા પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે રજા કરવામાં આવેલ જવાબની વિગતો તથા બંને પક્ષકારોના વિધ્વાન પ્રતિનિધીશ્રી / વકીલશ્રીઓની દલીલો ધ્યાને લેતાં અરજદાર કામદાર તરફે જે દસ્તાવેજોની માંગણી કરવામાં આવેલ છે, તે દસ્તાવેજો હાલના કેસના ન્યાય નિર્ણય માટે કઈ રીતે ઉપયોગી છે, તે અરજદારે તેમની અરજીમાં સ્પષ્ટ રીતે જણાવેલ નથી. અરજદારે હાજરી પત્રક / પગાર પત્રક રજા કરવાની માંગણી કરેલ છે.

વળી, સામાવાળાએ આંક:૧૦ થી દસ્તાવેજો રજુ કરેલ છે, તે અરજદારની કામગીરી બાબતે આપેલ નિમણૂંક હુકમ છે, તેથી સમગ્ર રીતે હાજરી પત્રક અને પગાર પત્રક અત્રે રજુ કરાવવા યોગ્ય જણાતી નથી. વધુમાં, સામાવાળા સંસ્થાએ આ કામમાં નામદાર મુંબઈ વડી અદાલત ધ્વારા :,

> ૧૯૭૫ લેબ.આઈ.સી.૫૧૭.
> ટવેન્ટી સેન્ચુરી ફોકસ કોર્પોરેશન (ઈન્ડિયા) પ્રા.લિ.,
> : વિરૂધ્ધ :
> એફ.એચ.લાલા.

નો ચૂકાદો રજુ કરેલ છે, તેમાં મુંબઈ હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે :,

> " Now, in our view, it is settled position of law that a party to any litigation cannot be permited to embark up in finish for roving inquriv in the hope that some matirial will come to handon the basis or which he can set out his case. we do not wish to sav that in a proper case, after the necessary material is on record, the Tribunal cannot order producton or relevant documents which would be necesary for the purpose of the adjudication. But betore that can be done it would be the duty of the party askhing for producton of documents or make out a case why would be necessary for certain documentsto be produced."

ઉપરોકત ચૂકાદાના નામદાર વડી અદાલત ધ્વારા પ્રસ્થાપિત કાયદાના સિધ્ધાંતો હું

આદરપૂર્વક અનુસરૂ છું અને અરજદાર કામદાર ઘ્વારા આંકઃ૬ ની અરજીમાં માંગવામાં આવેલ દસ્તાવજો હાલના કામે કેવી રીતે સુસંગત છે તે હકીકત સ્પષ્ટ દર્શાવેલ ન હોઈ અરજદારની આંકઃ૬ ની અરજી રદ થવાને પાત્ર હોઈ રદ કરવાનું ઠરાવુ છું અને નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

૧. અરજદાર શ્રમયોગીની આંકઃ૬ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

૨. હવે પછી આ કામની વધુ સુનાવણી તા.૧૯/૩/૨૦૧૫ ના રોજ રાખવામાં આવે છે, જેની પક્ષકારોએ નોંધ લેવી.

૩. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**Date : 09/02/2015**
**Place : AHMEDABAD**

**[Hradayesh Indurai Nanavati]**
**PRESIDING OFFICER,**
**Code : GJ01493**
**LABOUR COURT, NO:9,**
**AHMEDABAD.**

**H.M.PRAJAPATI:P.A.**